


# ડેન નેટવર્ક્સ લિમિટેડનો આઈપીઓ ૨૮ ઓક્ટોબરથી ખુલશે

## પ્રાઈસ બેન્ડ પ્રતિ શેર રૂા.૧૯૫ થી રૂા.૨૦૫: ઈશ્યુ ૩૦મીએ બંધ થશે

અમદાવાદ: ભારતની અગ્રણી કેબલ ડિસ્ટ્રીબ્યુશન કંપની ડેન નેટવર્ક્સ લિમિટેડ (ડેન) રૂા.૧૦ની કિંમતનો એક એવા બે કરોડ ઈક્વિટી શેરોનાં પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ)સાથે ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ પ્રોસેસ દ્વારા મુડી બજારમાં પ્રવેશી રહી છે. ઈશ્યુનો પ્રાઈસ બેન્ડ રૂા.૧૯૫થી રૂા.૨૦૫ નક્કી કરવામાં આવ્યો છે. ઈશ્યુ ૨૮ ઓક્ટોબર-૦૯ ના રોજ ખુલશે અને ૩૦ ઓક્ટોબરનાં રોજ બંધ થશે.

બે કરોડ ઈક્વિટી શેરોમાંથી જાહેર જનતાને ૧૯,૭૫૦,૦૦૦ ઈક્વિટી શેરો ઓફર કરવામાં આવશે. આ ઉપરાંત બીજા ૨.૫ લાખ ઈક્વિટી શેરો માન્ય કર્મચારીઓ (ધ એમ્પલોઈ રિઝર્વેશન પોર્શન) ના સબસ્ક્રિપ્શન માટે અનામત રાકવામાં આવશે. ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (ક્યુઆઈબી)ને ૬૦ ટકા શેરો ફાળવવામાં આવશે. જેમાંથી ૩૦ ટકા હિસ્સો એન્કર ઈન્વેસ્ટર્સનો છે. એચએનઆઈને ૧ ટકા અને રિટેલ ઈન્વેસ્ટરસને ૩૦.ટકા શેરો ફાળવવામાં આવશે.

આઈપીઓમાંથી મળનારા ભંડોળનો ઉપયોગ કંપનીનાં કેબલ ટેલીવિઝન અને બ્રોડબેન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર અને સેવાઓ વિકસાવવામાં થશે. આ ઉપરાંત કન્ટેન્ટ અને બ્રોડકાસ્ટ રાઈટ્સ ખરીદવા તથા સામાન્ય કોર્પોરેટ હેતુમાટે પણ આ ફન્ડનો ઉપયોગ કરવામાં આવશે. આ ઈશ્યુમાં કંપનીની આઈપીઓ પછીની ૧૫.૬ ટકા પેઈડ-અપ ઈક્વિટી શેર મુડીનો સમાવેશ થાય છે. જ્યારે નેટ ઈશ્યુ આઈપીઓ પછીની પેઈડ-અપ ઈક્વિટી શેર મુડીનાં ૧૪.૯૭ ટકાનો હશે.

ડેન હાલમાં રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, હરિયાણા, મધ્યપ્રદેશ અને કેરળમાં કેબલ ટેલીવીઝન સેવા પુરી પાડે છે.તેણે ઓલ ઈન્ડિયા આઈએસપી લાઈસન્સ મેળવ્યું છે. અને તાજેતરમાં જ મર્યાદિત પ્રમાણમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સર્વિસ શરૂ કરી છે. કંપનીનાં ડીઆરએચપી દ્વારા ઓફર થનારા ઈક્વિટી શેરોનું બીએસઈ અને એનએસઈ પર લિસ્ટિંગ થશે.